# 6 મધ્યયુગીન શાસનવ્યવસ્થા અને સ્થાપત્ય



6.1 પાળિયા

આજે ગામના ચોકમાં કાસમ મીરનો લોકડાયરો હતો. રાત્રે સૌ ચોકમાં ભેગાં થયાં. નાનાં બાળકો આગળની હરોળમાં પહેલેથી જ ગોઠવાઈ ગયા હતા. લોકડાયરામાં લોકસાહિત્યની સાથે દેશભક્તિનાં ગીત પણ ગવાયાં. ઉત્સવને તો પાળિયાનું ગીત ખૂબ ગમી ગયું. બીજા દિવસે તેણે તેના દાદાને પૂછ્યું, ''દાદા, પાળિયા એટલે શું ?'' દાદાએ જવાબ આપ્યો, પાળિયાને બલિદાનનું પ્રતીક ગણવામાં આવે છે. પ્રજાના રક્ષણ અને કલ્યાણનાં કાર્યો કરવા માટે આ દેશમાં ઘણા વીરો શહીદ થયા છે. આ વીરોના બલિદાનની યાદમાં પાળિયા બનાવવામાં આવે છે. તહેવાર પ્રસંગે પાળિયાની પૂજા થાય છે. શહીદોની વીરતાનાં ગીતો ગવાય છે. આ આપણા દેશની સંસ્કૃતિ છે.

''દાદાજી, અમને આપણા દેશની સંસ્કૃતિની વાતો કરોને.'' ઉત્સવ અને તેના મિત્રોએ આગ્રહ કર્યો.

ઊભા રહો, એમ કહી દાદાજી બે-ત્રણ ચિત્રો લઈ આવ્યા. પછી બોલ્યા, જુઓ ! આ ચિત્રોમાં મંદિરો દેખાય છે ? પથ્થરોને સુંદર ઘાટ આપીને બોલતા કર્યા હોય એમ લાગે છે ને ! હું આજે તમને રાજપૂત યુગની સંસ્કૃતિ અને સભ્યતા વિશે કેટલીક વાતો કરીશ.

## રાજપૂત યુગની શાસનવ્યવસ્થા :

રાજપૂતકાળ દરમિયાન સમગ્ર ભારતીય પ્રદેશ ઉપર કોઈ એક રાજ્યસત્તા ન હતી. ભારત નાનાં-મોટાં રાજ્યોમાં વિભક્ત હતો. જે-તે પ્રદેશની સીમાઓ જે-તે રાજાની સૈન્યશક્તિના આધારે વધઘટ થતી હતી. તમે આગળના એકમમાં રાજપૂત યુગનાં રાજ્યો અને વંશ વિશે જાણ્યું છે. અહીં તમે તે સમયની શાસનવ્યવસ્થા, સાહિત્ય, સ્થાપત્યો અને મહત્ત્વની બાહ્ય ચડાઈઓ વિશે જાણશો.

### (1) શાસનવ્યવસ્થા :

સાતમી સદી પછી ભારતમાં નાના-મોટા રાજપૂત વંશો શાસન કરતાં હતાં. એ કાળ દરમિયાન શાસક વંશોમાં પરિવર્તનો આવતાં રહ્યાં; પરંતુ શાસકીય (વહીવટી-વ્યવસ્થાની) પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નહિ.

રાજાનું પદ વંશપરંપરાગત પ્રાપ્ત થતું. સામાન્ય રીતે જ્યેષ્ઠ પુત્ર જ રાજા બને એ આવશ્યક ન હતું. રાજાએ પોતાના ઉત્તરાધિકારી તરીકે પસંદ કરેલ પુત્રને યુવરાજ ગણવામાં આવતો. લોકોએ તેમજ રાજ દરબારીઓએ ચૂંટણી કરીને અથવા પસંદગી કરીને નીમેલા રાજાઓનાં દૃષ્ટાંતો પણ જોવા મળે છે. જેમ કે કશ્મીરના યશસ્કરને બ્રાહ્મણોની મંડળીએ ગાદી પર બેસાડયો હતો. ગુજરાતમાં કુમારપાળને મંત્રીસભાના સભ્યોએ ગાદી માટે યોગ્ય માન્યો હતો.

રાજાને રાજ્ય વ્યવસ્થિત ચલાવવામાં સહાય કરવા માટે મંત્રીઓ નીમવામાં આવતા. રાજાઓ પ્રજાહિત તરફ દૃષ્ટિ રાખતા હતા. આમ છતાં ઘણી વખત પ્રજા રાજાના ગેરવહીવટનો ભોગ પણ બનતી.

**વિચારો**

- આપણા દેશમાં કેવા પ્રકારની શાસનવ્યવસ્થા છે ?
- અંગ્રેજોના સમયમાં આપણા દેશની શાસનવ્યવસ્થા કેવા પ્રકારની હતી ?
- પહેલાંના સમયમાં રાજ્યના મંત્રીની પસંદગી કેવી રીતે થતી હતી ?
- વર્તમાન સમયમાં મંત્રીની પસંદગી કેવી રીતે થાય છે ?


**ગામની શાસનવ્યવસ્થા :**

મધ્યકાલીન ભારતમાં ગ્રામ સંસ્થાઓનું મહત્ત્વ વિશેષ હતું. ગ્રામશાસન પંચાયતને આધીન હતું. તેનો વડો મુખી અથવા સરપંચ હતો. ગામના સંરક્ષણ અને ન્યાય અંગેનો ભાર તેના શિરે રહેતો. તેણે આપેલો ન્યાય અંતિમ ગણાતો. તેમ છતાં કેટલીક બાબતોમાં તો ગામડાંઓમાં ગ્રામસભા જ ન્યાય કરતી અને સજા પણ કરતી. આજે પણ ગ્રામકક્ષાએ ગ્રામપંચાયત કે પંચના વડીલોનું માર્ગદર્શન લેવામાં આવે છે.

આ સમયે રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીન મહેસૂલ હતું. દરેક રાજ્યની જમીન મહેસૂલ વસૂલ કરવાની રીત અલગ અલગ હતી પણ મોટે ભાગે જમીનની ઉપજનો છઠ્ઠો ભાગ જમીન મહેસૂલ તરીકે વસૂલવામાં આવતો હતો. તે ઉપરાંત પ્રજા ઉપર અન્ય કરવેરા પણ હતા. આ બધા માટે જુદા જુદા અધિકારીઓની વ્યવસ્થા હતી. વધારામાં બંદરો અને નાકા ઉપર પણ કર ઉઘરાવવામાં આવતો. સામંતો કર ઉઘરાવતાં અને રાજાને ખંડણી ભરતાં.

## (2) સાહિત્ય :

રાજપૂતકાળ દરમિયાન ધાર્મિક તેમજ અન્ય પ્રકારનું સાહિત્ય મોટા પ્રમાણમાં લખાયું. આ યુગમાં રાજાઓ તરફથી વિદ્વાનો અને વિદ્યાને ઘણું ઉત્તેજન મળતું. આ સમયમાં સંસ્કૃત, પ્રાકૃત, તમિલ, કન્નડ, તેલુગુ વગેરે ભાષાઓમાં ઘણું સાહિત્ય લખાયું. સંસ્કૃત ભાષાના મહાન કવિ માઘે 'શિશુપાલવધ' નામે મહાકાવ્ય રચ્યું હતું. તેમાં શ્રીકૃષ્ણે શિશુપાલનો વધ કેવી રીતે કર્યો તેનું વર્ણન કર્યું છે. આવા જ બીજા એક કવિ શ્રીહર્ષે નળ અને દમયંતીની કથા 'નૈષધચરિત' નામના મહાકાવ્યમાં કરી છે. ક્યાંક રાધા વગેરે ગોપીઓએ કરેલી કૃષ્ણની ભક્તિના પ્રસંગો રસિક રીતે વર્ણવાયા છે. કેટલાંક એવાં પણ કાવ્યો રચાયાં છે, જેમા રાજાઓનાં જીવનચરિત્ર અને પરાક્રમો વર્ણવવામાં આવ્યાં છે. દાખલા તરીકે ગુજરાતના સોલંકી રાજા કુમારપાળ વિશે હેમચંદ્રાચાર્યએ 'કુમારપાળ ચરિત્ર' લખ્યું છે. તેમણે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામનો વ્યાકરણ ગ્રંથ પણ લખ્યો હતો. આ ગ્રંથની સાથે રાજા સિદ્ધરાજ જયસિંહ અને હેમચંદ્રાચાર્યનું નામ જોડાયેલ છે. તે સમયે પાટણ શહેરમાં આ ગ્રંથની હાથી ઉપર સવારી કાઢવામાં આવી હતી.



6.2 હેમચંદ્રાચાર્ય

કાવ્યોની સાથે આ યુગમાં નાટકો પણ લખાયાં છે. ભવભૂતિએ 'ઉત્તરરામચરિત' નામનું નાટક લખેલ છે. નારાયણ નામના પંડિતે પંચતંત્રના આધારે 'હિતોપદેશ' નામે વાર્તાસંગ્રહની રચના કરી હતી. આપણી શાળામાં કે પછી નજીકના પુસ્તકાલયમાં આવા વાર્તાસંગ્રહો કે લોકકથાની ચોપડીઓ હશે. ચાલો આપણે વાંચનપર્વની પ્રવૃત્તિ કરીએ.

| કવિ/સાહિત્યકાર | કૃતિનું નામ | કવિ/સાહિત્યકાર | કૃતિનું નામ |
|---|---|---|---|
| વિશાખાદત્ત | મુદ્રારાક્ષસ | સોમદેવ | કથાસરિતસાગર |
| કલ્હણ | રાજતરંગિણી | ચંદબરદાઈ | પૃથ્વીરાજ રાસો |
| બિલ્હણ | વિક્રમાંકદેવ ચરિત્ર | મેરુતુંગ | પ્રબોધચિંતામણિ |

## (3) સ્થાપત્ય :



6.3 તાંજોરનું મંદિર

રાજપૂત યુગમાં જે બાંધકામો થયાં; તેમાં મંદિરોનાં બાંધકામ નોંધપાત્ર છે. રાજપૂત રાજાઓ ભવ્ય અને કલાત્મક ઈમારતો બંધાવવાના ખૂબ શોખીન હતા. તેમણે બંધાવેલાં મંદિરો, કિલ્લાઓ, રાજમહેલો, જળાશયો વગેરે પરથી તે સમયના સ્થાપત્ય અને શિલ્પનો ખ્યાલ આવે છે.

ઉત્તર ભારતમાં આ સમય દરમિયાન બાંધવામાં આવેલાં મંદિરોમાં મધ્યપ્રદેશમાં આવેલ ખજૂરાહોનું મંદિર અને ભુવનેશ્વરનું જગન્નાથપુરી મંદિર સ્થાપત્ય અને શિલ્પકલાની બાબતમાં પ્રખ્યાત છે. આ સમયે કોણાર્કમાં સૂર્યમંદિરનું બાંધકામ થયું હતું. ભારતમાં જે અન્ય સૂર્યમંદિરો આવેલાં છે, તેમાં કશ્મીરનું 'માર્તંડ મંદિર' અને ગુજરાતમાં મોઢેરામાં આવેલું સૂર્યમંદિર પ્રખ્યાત છે. મોઢેરાના સૂર્યમંદિરની વિશેષતા એ હતી કે સૂર્યનું પહેલું કિરણ મંદિરમાં રહેલી પ્રતિમા ઉપર પડતું. તો કોણાર્કના સૂર્યમંદિરને એક રથનો ઘાટ આપી તેને સાત ઘોડા ખેંચતા હોય તેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે.



6.4 ખજૂરાહોનું મંદિર

દક્ષિણ ભારતમાં ઈલોરામાં હિંદુ, બૌદ્ધ અને જૈન એમ ત્રણ ધર્મની ગુફાઓ છે, તેમાં કૈલાસ મંદિર ભવ્ય છે. મુંબઈ નજીક એલિફન્ટાની ગુફાઓ આવેલી છે; તેમાં ત્રણ મુખવાળા શિવનું શિલ્પ પ્રસિદ્ધ છે. મદુરાઈનું મીનાક્ષી મંદિર દેશભરમાં પ્રખ્યાત છે. દક્ષિણ ભારતનાં મંદિરો ગોપુરમ્ તરીકે ઓળખાતા ઊંચા ભવ્ય પ્રવેશદ્વાર માટે ખાસ જાણીતા છે. આવાં ભવ્ય મંદિરોની ખ્યાતિ સાંભળીને કેટલાક આક્રમણખોરો લૂંટફાટ માટે ચડી આવતા. ગુજરાતના સોમનાથના ભવ્ય મંદિર ઉપર આવા અનેક હુમલાઓ થયા હતા.




6.5 મહંમદની સવારીઓ

### મહંમદ ગઝની :

આમ તો રાજપૂત યુગ તેનાં શૌર્ય અને સમર્પણ માટે યાદ કરવામાં આવે છે. આ સમયમાં અજોડ સ્થાપત્યો પણ બંધાયા છે. આ સમયે કેટલાક આક્રમણખોરો ભારત ઉપર

ચડી આવ્યા. ઈ.સ. 1000થી 1025-26 દરમિયાન મહંમદ ગઝનીએ અનેકવાર ચડાઈઓ કરી હતી. મહંમદ ગઝની ગઝના પ્રાંતનો સુલતાન હતો. દરેક વખતે તેને મુશ્કેલીઓ પડતી છતાં તે પુનઃ તૈયારીઓ કરી આંધીની જેમ ચડી આવતો. આવી એક આંધી સ્વરૂપે સોમનાથ ઉપર ચડી આવ્યો. તે સમયે ગુજરાતમાં ભીમદેવ સોલંકીનું શાસન હતું. સૌરાષ્ટ્ર અને ગુજરાતના ઘણા લોકો સોમનાથ બચાવવા ભીમદેવ સોલંકી સાથે જોડાયા પણ સફળતા ન મળી.

### દિલ્લીનો તખ્તો બદલાયો :



6.6 પૃથ્વીરાજ ચૌહાણ

ગઝનીના અવસાન પછી ગઝની પ્રાંત ઉપર સત્તા સ્થાપવા ત્યાંના સુલતાનોમાં જોરદાર દાવપેચ ખેલાયા. રાજપૂત શાસકોએ આ નબળાઈનો લાભ લીધો નહિ. આ દરમિયાન ગઝનીમાં શાહબુદ્દીન ઘોરીનું મજબૂત શાસન સ્થપાયું. તેણે ભારત ઉપર ચડાઈ કરવા વિચાર્યું. તે ભારત ઉપર ધનપ્રાપ્તિ માટે નહિ, પણ સત્તા સ્થાપવા આવ્યો હતો.

શરૂઆતમાં શાહબુદ્દીન સફળ ન થયો. એમાંય અણહિલવાડ પાટણની મહારાણી નાયિકાદેવી સામેનો પરાજય ભૂલી શક્યો ન હતો. શાહબુદ્દીને આ પરાજયના કારણે બાર વરસ સુધી ભારત સામે ચડાઈ કરવાનું નામ ના લીધું. આખરે બીજી વખત દિલ્લી ઉપર ચડી આવ્યો.

પૃથ્વીરાજ પૂર્વતૈયારી વગર હિંમતથી એકલા લડ્યા. સાથી રાજપૂત શાસકોનો સાથ ના મળ્યો. પૃથ્વીરાજ ચૌહાણ હાર્યો. દિલ્લી ઉપરથી રાજપૂત શાસનનો અંત આવ્યો. શાહબુદ્દીન ઘોરીએ દિલ્લી પર સલ્તનત સ્થાપી. પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો. શાહબુદ્દીન ઘોરી પછી દિલ્લીના તખ્તા ઉપર તેનો માનીતો ગુલામ સરદાર કુત્બુદ્દીન ઐબક આવ્યો. જે 'ગુલામ વંશ'ના સ્થાપક તરીકે ઓળખાયો.

આથી ભારતમાં દિલ્લીની ગાદીએ રાજપૂત શાસનનો અંત આવ્યો. દેશની રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થામાં ફેરફારો થયા. આ ફેરફારો કેવા હતા ? કેમ ફેરફારો કરવામાં આવ્યા ? આવા અનેક પ્રશ્નો વિશે વિચારો. શૌર્ય અને સમર્પણની સામે ગાદી માટે દાવપેચની શતરંજ રમાવા લાગી. દિલ્લીની ગાદી હવે લોહિયાળ બની !

**પ્રવૃત્તિ**

ભારતમાં આવેલ શિલ્પ-સ્થાપત્યનાં ચિત્રોનું આલબમ બનાવો.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. રાજપૂત યુગની શાસનવ્યવસ્થા કેવી હતી ?
2. મધ્યયુગમાં કલા અને સાહિત્યનો કેવો વિકાસ થયો ?
3. મધ્યયુગમાં થયેલ શિલ્પ અને સ્થાપત્યનો વિકાસ કેવો હતો ?
4. રાજપૂત શાસનનો અંત કઈ રીતે આવ્યો ? શા માટે ?

## 2. નીચેના પ્રશ્નોના વિકલ્પોની મદદથી ઉત્તરો શોધો :

1. ગુજરાતના રાજા કુમારપાળની પસંદગી કોણે કરેલી ?
   (અ) તેના પિતાએ (બ) તેના દાદાએ (ક) મંત્રીમંડળે (ડ) લશ્કરે
2. જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યે કયો વ્યાકરણગ્રંથ રચ્યો હતો ?
   (અ) સિદ્ધહેમ શબ્દાનુશાસન (બ) શિશુપાલવધ (ક) નૈષધચરિત (ડ) કથાસરિતસાગર
3. ખજૂરાહોનું મંદિર ક્યાં આવેલું છે ?
   (અ) મધ્યપ્રદેશ (બ) મહારાષ્ટ્ર (ક) ગુજરાત (ડ) કર્ણાટક
4. મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના કયા જિલ્લામાં આવેલ છે ?
   (અ) મધ્યપ્રદેશ (બ) મહેસાણા (ક) બનાસકાંઠા (ડ) અમદાવાદ
5. દિલ્લીમાં ગુલામવંશનો પ્રથમ સુલતાન કોણ હતો ?
   (અ) બલ્બન (બ) કુત્બુદ્દીન ઐબક (ક) ઈલ્તુત્મિશ (ડ) રઝિયા સુલતાના

**આટલું જાણો**

- શિલ્પ–સ્થાપત્યોમાં દેવો, અપ્સરાઓ, નર્તકીઓ, યોદ્ધાઓ, પશુ-પંખી, ફૂલ અને વેણીઓ, ભૌમિતિક આકૃતિઓ કે કથા પ્રસંગોને કોતરવામાં આવે છે.
- ગુજરાતમાં ગિરનાર, શંખેશ્વર, શત્રુંજય, અંબાજી, દ્વારકા, શામળાજી વગેરે સ્થળોએ આવેલાં મંદિરોમાં સ્થાપત્ય કલાના નમૂનાઓ જોવા મળે છે.

■